ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0



બાલોત્સવ - વેકેશન દરમિયાન બાળકોને વિવિધ કલાપ્રવૃત્તિઓમાં જોતરવાનો અને એમની શક્તિને યોગ્ય સ્વરૂપે કાર્યાન્વિત કરવા માટે નગરની જાણીતી બાળ પ્રવૃત્તિની સંસ્થા કલરવ દ્વારા સેંટ ઝેવિયર્સ સ્કૂલ ખાતે બાલોત્સવ આરંભાયો છે... નૃત્ય, નાટ્ય જેવી મંચલક્ષી પ્રવૃત્તિઓ માટે તજજ્ઞો દ્વારા તાલીમ અપાય છે અને તાલીમના અંતે અભિવ્યક્તિ માટે આયોજન કરાય છે. શહેરના ૧૬૦થી વધુ બાળકો ભાગ લઈ રહ્યા છે. (તસવીર : દિપક જાની)

# શહેરમાં સ્ટ્રોમ વૉટર લાઈનની સફાઈ હાથ ધરાશે

## માત્ર સાત જ સેક્ટરોમાં સ્ટ્રોમ વોટર લાઈન વર્ષોના અંતે પણ વરસાદી પાણીના નિકાલની લાઈનનું કામ અધુરું

ગાંધીનગર,તા૨૯

શહેરમાં સ્ટોર્મ વોટરલાઈનની સફાઈ માટે ટૂંકમાં કામ હાથ ધરાશે. ચોમાસા પૂર્વે નગરના મુખ્ય માર્ગોતેમજ સેકટરોના આંતરિક માર્ગોની વરસાદી લાઈનની સફાઈ કરવામાં આવશે. આ કામગીરી પાછળ અંદાજિત રૂપિયા ૧૦ લાખનો ખર્ચ થશે.

શહેરમાં વરસાદી પાણીના નિકાલની લાઈનનુ કામ હજુ મોટાભાગનુ બાકી છે. શહેરના માત્ર ૭ સેકટરોમાં જ વરસાદી પાણીના નિકાલ માટે સ્ટાર્મ વોટરલાઈન નાંખવામાં આવી છે. જેમાં નગરના જુના સેકટરો પૈકી સે૨૪, ૨૮,૨૯ અને સે ૩૦ સહિત કુલ સાત સેકટરોનો સમાવેશ થાય છે. જયારે બાકીના તમામ સેકટરોમાં વરસાદી પાણીના નિકાલની લાઈન નાંખવામાં આવી નથી. જેના પરિણામે ચોમાસા દરમિયાન સેકટરોમાં ઠેરઠેર વરસાદી પાણીનો ભરાવો જોવા મળે છે. સેકટરોના રીંગરોડ સહિત કામન પ્લોટમાં જળબંબાકારની સ્થિતિ સર્જાય છે. સેકટરોમાં વરસાદી પાણીના નિકાલ માટે સ્ટાર્મ વોટરલાઈનનું કામ હાથ ધરવા તંત્ર દ્વારા બે વાર દરખાસ્ત કરવામાં આવી હતી. આ કામગીરી પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ થાય તેમ છે. પરંતુ વર્ષોના અંતે પણ સ્ટાર્મ વોટરલાઈનનુ કામ થઈ શકયુ નથી.

ચોમાસા દરમિયાન વરસાદી પાણીના ભરાવાના લીધે સેકટરોમાં ગંદકી સહિતના પ્રશ્નો ઉભા થાય છે. બીજીતરફ રસ્તાઓને પણ નુકશાન થાય છે. ચોમાસુ નજીક આવી રહયુ છે ત્યારે વરસાદી પાણીના નિકાલની લાઈનોની સફાઈ માટે આયોજન કરવામાં આવી રહયું છે.સુત્રોના જણાંવ્યા મુજબ શહેરના મુખ્ય રસ્તાઓ આસપાસની લાઈનોની સફાઈ કરવામાં આવશે. ત્યારબાદ સેકટરોમાં લાઈનની સફાઈ કરવામાં આવશે.

આ કામગીરીને ત્રણ તબક્કામાં હાથ ધરાશે.ચોમાસા પર્વે કામગીરી પૂર્ણ કરી દેવાશે.શહેરમાં વરસાદી પાણીનો નિકાલ ન થતા ચોમાસામાં ખદબદતી ગંદકી વચ્ચે રાગચાળાની દહેશત સર્જાય છે. સેકટરોમાં વરસાદી પાણીના નિકાલની લાઈનનુ કામ હાથ ધરવા સ્થાનિક રહિશોમાં પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે.

# શહેરમાં સ્વચ્છતા અભિયાન

## મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન અન્વયે શહેરમાં સફાઈ ઝુંબેશ હાથ ધરાશે : મે-મહિનામાં શહેરમાં મુખ્યમાર્ગો, સર્કલો સહિત જાહેર સ્થળોની સફાઈ થશે : પાણીની ટાંકી અને સમ્પ પણ આવરી લેવાશે

ગાંધીનગર, તા. ૨૯

મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન અંતર્ગત શહેરી વિસ્તારમાં આગામી મે મહિનામાં અસરકારક સ્વચ્છતા ઝુંબેશ હાથ ધરાશે. જેમાં શહેરી વિસ્તારની પાણીની ટાંકી, અંડરગ્રાઉન્ડ સમ્પ, મુખ્ય માર્ગો અને સર્કલો સહિતના ઝાડી વિસ્તારમાં પણ સફાઈ કરવામાં આવશે. જોકે તંત્ર દ્વારા આ સફાઈ અભિયાનને લઈને આખરી આયોજન કરવામાં આવી રહ્યું છે. તાલુકા કક્ષાએ પણ સફાઈ કામગીરી હાથ ધરવામાં આવશે.

મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન અંતર્ગત આગામી મે-મહિનામાં શહેરમાં સફાઈ ઝુંબેશ અન્વયે વિશેષ કાર્યક્રમ યોજવામાં આવશે. જેમાં શહેરી વિસ્તાર તેમજ તાલુકા કક્ષાએ પણ વિવિધ સ્થળોએ સફાઈ કરવામાં આવશે. ગત વાયબ્રન્ટ સમિટ વેળાએ શહેરમાં બ્યુટીફિકેશનની સાથે સ્વચ્છતા ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. આ દરમિયાન શહેરમાં તંત્રની ટીમ દ્વારા નગરના મુખ્ય માર્ગો સહિત જાહેર સ્થળોની ગંદકી ઉલેચવામાં આવી હતી. જ્યારે આગામી તા. ૧થી ૧૫મે દરમિયાન મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન અંતર્ગત શહેરી વિસ્તારમાં સફાઈ ઝુંબેશ હાથ ધરાશે. જેમાં શહેરની પાણીની ટાંકીઓ, અંડરગ્રાઉન્ડ સમ્પ, મુખ્ય માર્ગોપર સ્થિત સર્કલો, એસ.ટી. બસ સ્ટેન્ડ, રેલવે સ્ટેશન, શહેરના મુખ્ય માર્ગોનેચોખ્ખા ચણાક કરવામાંઆવશે. આ ઉપરાંત જાહેર સ્થળોએ ખડકાયેલા ઉકરડા પણ દૂર કરાશે. જ્યારે ઝાડી - જાંખરા સહિત જંગલ વિસ્તારમાં પણ સફાઈનું કામ હાથ ધરાશે. શહેરને સ્વચ્છ અને હરિયાળું બનાવવા સફાઈ અભિયાનને વધુ વેગ આપવા પ્રયત્ન કરવામાં આવશે. સ્વચ્છ ભારતના અભિયાન અન્વયે થોડા સમય અગાઉ પણ સફાઈના મામલે સ્વંયભૂ લોકજાગૃતિ કેળવાઈ હતી. આમ છતાં સેક્ટરોની શેરીઓમાં હજુ ગંદકી ખદબદતી જોવા મળી રહી છે. કોર્પોરેશન અસ્તિત્વમાં આવ્યા બાદ પણ શહેરમાં અસરકારક સફાઈ વ્યવસ્થા ગોઠવી શકાઈ નથી. પરંતુ ડોર - ટુ - ડોર કચરો એકત્રિત કરવાની યોજના અમલમાં આવ્યા બાદ ગંદકીની સમસ્યા થોડા ઘણા અંશે હળવી બની છે. આવા સંજોગોમાં સ્વચ્છતાના મામલે નાગરિકોમાં લોકજાગૃતિ કેળવાય તેમજ અસરકારક વ્યવસ્થા ગોઠવાય તેવો સૂર પણ ઉઠવા પામ્યો છે.



ભોળા પંખીનો સરળ માળો - પંખી જગતમાં સૌથી ભોળો આત્મા કબૂતરોનો હોય છે... ડરપોક, સરળ અને સીધુસાદુ પક્ષી એટલે કબૂતર... વિશ્વના પંખી જગતમાં સૌથી વધારે પરેશાની પણ કબૂતરને જ ભોગવવી પડે છે... ખૂબ સરળતાથી પોતાનો માળો બાંધી ઈંડા સેવતી માદા કબૂતર પણ એટલી જ ભોળપણથી વ્યવહાર વ્યકત કરે છે... સામાન્ય રીતે કબૂતરોને સપાટતળ વાળી જગ્યા મળે એટલે ત્યાં માળો બાંધી દેતા હોય છે... ખાસ કરીને કબૂતરો સરળતાથી આવન-જાવન કરી શકે તેવી જગ્યાએ માળો બાંધતા હોય છે... (તસવીર : કશ્યપ નિમાનત)

# ધો-૧ થી ૫ અંગ્રેજી માધ્યમમાં નવો અભ્યાસક્રમ

## નવા શૈક્ષણિક સત્રથી બદલાયેલા અભ્યાસક્રમ અનુસારના પુસ્તકો ઉપલબ્ધ બનશે

ગાંધીનગર, તા. ૨૯

ધો-૧ થી ૫ અંગ્રેજી-હિન્દી માધ્યમનો નવો અભ્યાસક્રમ અમલી બનાવાયો છે. નવા અભ્યાસક્રમ અનુસારના પુસ્તકો ૧૧મી મે પછી ઉપલબ્ધ બનશે.

ધો-૧ થી ૫ અંગ્રેજી, હિન્દી, મરાઠી, સિંધી, ઉર્દુ અને તમિલ માધ્યમમાં નવા શૈક્ષણિક વર્ષથી નવો અભ્યાસક્રમ અમલી બનાવાયો છે.ધો-૧માં વાચનમાળા, ધો-૨માં વાચનમાળા અને કુજન, ધો-૩માં વાચનમાળા, ગણિત, મારી આસપાસ, ધો-૪માં વાચનમાળા, ગણિત, અમારી આસપાસ તથા ધો-૫માં વાચનમાળા, ગણિત અને સૌની આસપાસ જેવા પુસ્તકોનો અભ્યાસક્રમ બદલવામાં આવ્યો છે. ગુજરાત રાજય શાળા પાઠય પુસ્તક મંડળની યાદી અનુસાર આગામી ૧૧મી મે થી નવા અભ્યાસ ક્રમ અનુસારના પુસ્તકો ઉપલબ્ધ બની જશે. પાઠયપુસ્તક મંડળ દ્વારા પ્રકાશિત ધો-૧ થી ૧૨ના ગુજરાતી તેમજ ધો-૬ થી ૧૨ના અન્ય માધ્યમના પાઠય પુસ્તકોના વેચાણની કામગીરી ૧૫મી એપ્રિલથી શરૂ થઈ ગઈ છે. શૈક્ષણિક સત્ર જૂન ૨૦૧૫થી નવા અભ્યાસ ક્રમ મુજબ અમલમાં આવનાર ધો-૧ થી ૫ના અંગ્રેજી, હિન્દી, મરાઠી, સિંધી, ઉર્દુ અને તામિલ માધ્યમના પાઠય પુસ્તકોનું વેચાણ તા. ૧૧મી મેથી શરુ કરવામાં આવશે. હાલમાં રાજયના તમામ જિલ્લા વિતરકોને તેમની જરુરીયાત અનુસારના પાઠયુસ્તકોનું વેચાણ થઈ રહ્યું છે અને તેઓની માંગણી અનુસાર પુસ્તકો ઉપલબ્ધ બનાવવામાં આવી રહ્યા છે.

જો કોઈ વાલી કે વિદ્યાર્થીને વિક્રેતા પાસેથી પાઠય પુસ્તકો ઉપલબ્ધ ન થાય તો વિદ્યાર્થીઓ વાલીઓ મંડળના ડેપો ખાતેથી પુસ્તકો મેળવી શકશે. મંડળના ડેપો અસારવા વેચાણ કેન્દ્ર, અસારવા પુલ નીચે, ગોડાઉન નં. ૯ તથા મુખ્ય કેચરી વેચાણ કેન્દ્ર, સેકટર-૧૦-એ, ગાંધીનગર ખાતેથી પણ પુસ્તકો પ્રાપ્ય બની શકશે. છૂટક વિક્રેતાઓ પાસેથી પાઠય પુસ્તકો મેળવવામાં કોઈ તકલીફ પડે તો તેની જાણ મંડળને ૦૭૯-૨૩૨૩૫૨૬૨ પર કરી શકાશે.

# ગાંધીનગર ખાતે ફોરેન્સીક યુનિવર્સિટીનો પ્રથમ પદવીદાન સમારોહ યોજાયો

## નવા અધતન કેમ્પસનું લોકાર્પણ : સાયબર સિક્યુરીટી સહિતનાં વિષયો માટે દેશની અધતન ઈન્ટેલીજન્ટ લેબ તૈયાર કરાઈ









ગાંધીનગર, તા. ૨૯

ગુજરાત ફોરેન્સિક સાયન્સીસ યુનિવર્સિટીનાં પ્રથમ પદવીદાન સમારંભ રાખવામાં આવ્યો હતો. મુખ્યમંત્રી આનંદીબેન પટેલના વરદ હસ્તે વિદ્યાર્થીઓને ડીગ્રી એનાયત કરવામાં આવી હતી. ૯ વિદ્યાર્થીઓને પીએચ.ડી.ની ડીગ્રી એનાયત કરવામાં આવી છે. ઈન્સ્ટીટ્યુટ ઓફ ફોરેન્સિક સાયન્સનાં કુલ ૧૨૪ વિદ્યાર્થીઓને પોસ્ટ ગ્રેજ્યુએટ ડીગ્રી ઈન ફોરેન્સિક સાયન્સ, ડીઝીટલ ફોરેન્સિક એન્ડ ઈન્ફોર્મેશન એસ્યોરન્સ અને ૧૧ વિદ્યાર્થીઓને પોસ્ટ ગ્રેજ્યુએટ ડીપ્લોમાં ઈન ફીંગરપ્રીન્ટ સાયન્સ, ક્વેચ્ચન ડોક્યુમેન્ટસ અને ફોરેન્સિક એકાઉન્ટીંગની પદવી એનાયત કરવામાં આવી. ઈન્સ્ટીટ્યુટ ઓફ રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટનાં કુલ ૮૩ વિદ્યાર્થીઓને પોસ્ટ ગ્રેજ્યુએટ ડીગ્રી ઈન ફોરેન્સિક ફાર્મસી અને ફોરેન્સિક નેનોટેકનોલોજીની પદવી એનાયત કરવામાં આવી. ઈન્સ્ટીટ્યુટ ઓફ બિહેવીરલ સાયન્સનાં કુલ ૨૦ વિદ્યાર્થીઓને માસ્ટર ઓફ ફીલોસોફી ઈન ક્લીનીકલ સાયક્લોજી અને ૬ વિદ્યાર્થીઓને પોસ્ટ ગ્રેજ્યુએટ ડીગ્રી ઈન ક્લીનીકલ સાયકોલોજી તેમજ ૧૯ વિદ્યાર્થીઓને પોસ્ટ ગ્રેજ્યુએટ ડીપ્લોમાં ઈન ફોરેન્સિક સાયકોલોજી અને હોસ્પિટલ મેનેજમેન્ટની પદવી એનાયત કરવામાં આવી. તદ્‌ઉપરાંત પ્રથમ નંબર આવેલ વિદ્યાર્થીઓને મેડલ આપી સન્માનિત કરવામાં આવ્યાં. જેમાં કુ. વિરલ વ્યાસને વર્ષ-૨૦૦૯-૧૧માં એમ.એસ.સી. ફોરેન્સિક સાયન્સમાં પ્રથમ સ્થાન મેળવવા બદલ આઈ.એફ.એસ. ગોલ્ડ મેડલ એનાયત કરવામાં આવી હતી. તેમજ ડૉ. એમ.એસ. રાવ દ્વારા સ્પોન્સર્ડ ધી લક્ષ્મી મેમોરીયલ એવોર્ડ પણ એનાયત કરાયો હતો.

દુનિયાની સૌપ્રથમ એવી ગુજરાત ફોરેન્સિક સાયન્સીસ યુનિવર્સિટી, ગાંધીનગરનાં નવા કેમ્પસનું લોકાર્પણ રાજયના મુખ્યમંત્રીના હસ્તે કરવામાં આવ્યું

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં એસ.ટી. બસ સેવા અપગ્રેડ કરવા શહેર વસાહત મહામંડળની રજૂઆત

## ડેપોમાં પોલીસ ચોકી માટે ત્વરિત જગ્યા ફાળવવા માંગ

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર-અમદાવાદ વચ્ચેની એસ.ટી. બસ સેવા અપગ્રેડ કરવા પ્રબળ માંગ ઉઠવા પાણી છે. એસ.ટી. ડેપોને અલગ ડેપો ફાળવવા પણ રજૂઆત કરવામાં આવી છે. આ ઉપરાંત ડેપોમાં પોલીસ ચોકી માટે તાત્કાલિક અસરથી જગ્યા ફાળવવા પણ રજૂઆતમાં જણાવાયું છે.

શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચે આ અંગે રજૂઆતમાં જણાવ્યા અનુસાર ગાંધીનગર - અમદાવાદ વચ્ચે શરૂઆતના તબક્કાથી જ એસ.ટી.ની વાહનવ્યવહાર સુવિધા જોડાયેલી છે. એકબાજુ અપડાઉન કરતાની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. આવા સંજોગોમાં એસ.ટી. બસ સેવામાં ઘટાડો થતા મુસાફરોએ હાલાકી ભોગવવાનો વારો આવ્યો છે. જેમાં ખાસ કરીને મધ્યમ વર્ગ અને વિદ્યાર્થીઓ બસમાં વિશેષ મુસાફરી કરતા હોવાથી તેમને ધ્યાને લઈ એસ.ટી. બસ સેવાને વધુ સુવિધાયુક્ત બનાવવાની અનિવાર્યતા ઉભી થઈ છે. સેક્ટરોના બસ સ્ટેન્ડને પણ અપગ્રેડ કરવા તેમણે રજૂઆત કરી છે.

આ ઉપરાંત ગાંધીનગરને અલગ ડેપો આપવા અને ડેપોની સેવા વધુ સુદૃઢ કરવા પણ જણાવ્યું છે. એસ.ટી. ડેપોમાં દાયકાઓના અંતે પણ પોલીસ ચોકી શરૂ કરવામાં આવી નથી જેના પરિણામે ડેપોમાં તસ્કરી વૃત્તિને પ્રોત્સાહન મળી રહ્યું છે. જેથી મુસાફરોની સલામતી પણ જોખમાય છે. અનેક રજૂઆતોના અંતે ડેપો સંકુલમાં પોલીસ ચોકી માટે જગ્યા ફાળવવામાં આવતી નથી. જેના લીધે ડેપોમાં પોલીસ પહેરો ગોઠવી શકાતો નથી. બીજી તરફ રોજબરોજ ખિસ્સાકાતરુઓ મુસાફરો પર હાથ અજમાવી જાય છે. આ મામલે યોગ્ય પગલાં લેવા મહામંડળે તંત્ર સમક્ષ રજૂઆત કરી છે.

# નગરના પ્રથમ સંગીત નિર્દેશક રમણભાઈ પુરોહીતનું અવસાન

## કલાસંસ્થાઓ અને કલાકારોને પ્રોત્સાહિત કરી નગરની સાંજ સુરીલી બનાવવામાં રમણભાઈનું અનોખુ યોગદાન

ગાંધીનગર, તા. ૨૯

સંગીત કલાક્ષેત્રે આગવી નામના ધરાવતા નગરના પ્રથમ સંગીત નિર્દેશક રમણભાઈ પુરોહીતનું ૮૯ વર્ષની જૈફ વયે આજે અવસાન થયું છે. જાણીતા ગાયક બિરેન પુરોહીતના પિતા રમણભાઈએ નગરના આરંભિક તબક્કામાં સંગીતકલાને પ્રોત્સાહીત કરવા મોટુ યોગદાન આપ્યું હતું. નગરની કલા સંસ્થાઓને પણ તેમણે પ્રેરણાબળ પુરૂ પાડ્યું હતું.



કલા અને સંસ્કૃતિને આગવી ઓળખ ધરાવતા ગાંધીનગરને નવી કલાત્મક પહેચાન આપવામાં કલાસંસ્થાઓની મૂળમાં સક્રીય રહેતા કલાકારો અને સંગીતકારોનું વિશેષ યોગદાન રહ્યું છે. નગરના અસ્તિત્વકાળથી નગરની કલાસંસ્થાઓ અને કલાકારોને પ્રોત્સાહીત કરી યોગ્ય દીશા ચિંધતા સંગીત નિર્દેશક અને ગાયક રમણભાઈ પુરોહીતનું આજે ૮૯ વર્ષની વયે દુ:ખદ અવસાન થયું છે. જાણીતા ગાયક બિરેન પુરોહીતના પિતા રમણભાઈ સુગમસંગીતક્ષેત્રે અદ્‌ભૂત ગાયકી ધરાવતા હતા. નગરમાં પ્રથમ સંગીતકાર તરીકે ઓળખાતા રમણભાઈએ શિવરંજની સહીતની કલાસંસ્થાઓને શરૂઆતના તબક્કાથી જ પ્રોત્સાહીત કરી નગરની સાંજને સુરીલી બનાવી છે. હાર્મોનિયમ સાથે ગાયકીના સૂર રેલાવતા જૈફ વયના કલાકારને નગરના કલાજગતે પણ શ્રદ્ધાંજલિ અર્પી છે.













Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com